DE-001-001496 Seat No. ________

# B.A. (C.B.C.S.) (Sem. IV) Examination

**April / May – 2015**

## Gujarati : Paper - IX (Elective - 1)

(*Gujarati Vyakaran, Sarjan Lekhan - Kaushal - 4*)

**Faculty Code : 001**
**Subject Code : 001496**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

**સૂચના :** (1) વિભાગ-૧માં કુલ ૨૦ MCQ પ્રશ્નો આપેલ છે.
(2) વિભાગ-૨માં ચાર વર્ણનાત્મક પ્રશ્નો છે.
(3) વિભાગ-૧ અને વિભાગ-૨ મળી કુલ પાંચ (૫) પ્રશ્નો છે. બંને વિભાગના ઉત્તરો ઉત્તરવહીમાં જ લખવાનાં છે.
(4) દરેક પ્રશ્નોના ગુણ જમણી બાજુ દર્શાવેલ છે.

### વિભાગ - ૧

1 નીચેના પ્રશ્નોમાં આપેલા ચાર વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : **20**

(1) પૂર્વે બની ગયેલી હકીકત કે ઘટનાનું સાચું સચોટ અને સંક્ષિપ્ત વર્ણન-લેખનને શું કહેવાય ?
(A) વાર્તાલેખન (B) અહેવાલ લેખન
(C) પત્રલેખન (D) નિબંધ લેખન

(2) અહેવાલ લેખનમાં શું જાળવવું જોઈએ ?
(A) ઘટનાક્રમ (B) શૈલી
(C) લેખન (D) વાર્તાતત્ત્વ

(3) 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની સ્થાપના ક્યારે થઈ ?
(A) ઈ.સ. ૧૮૪૬ (B) ઈ.સ. ૧૮૪૭
(C) ઈ.સ. ૧૮૪૮ (D) ઈ.સ. ૧૮૪૫

(4) 'ફાર્બસ ગુજરાતી સભા'ની સ્થાપના ક્યારે થઈ ?
(A) ઈ.સ. ૧૮૫૪ (B) ઈ.સ. ૧૮૫૩
(C) ઈ.સ. ૧૮૫૨ (D) ઈ.સ. ૧૮૫૧

(5) 'નર્મદ સાહિત્ય સભા'નું પ્રારંભિક નામ કયું હતું ?

(A) ગુજરાત વિદ્યાસભા (B) અસાઈત સાહિત્ય સભા

(C) પ્રેમાનંદ સાહિત્ય સભા (D) ગુજરાતી સાહિત્ય મંડળ

(6) કવિ પ્રેમાનંદની સ્મૃતિમાં કઈ સાહિત્યિક સંસ્થાની સ્થાપના કરવામાં આવી ?

(A) ગુજરાતી સાહિત્ય પરિષદ (B) નર્મદ સાહિત્ય સભા

(C) પ્રેમાનંદ સાહિત્ય સભા (D) ફાર્બસ ગુજરાતી સભા

(7) 'ગૂજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના ક્યારે કરવામાં આવી ?

(A) ઈ.સ. ૧૯૨૦ (B) ઈ.સ. ૧૯૩૦

(C) ઈ.સ. ૧૯૪૦ (D) ઈ.સ. ૧૯૫૦

(8) 'ગુજરાત સાહિત્ય અકાદમી' નામની સંસ્થા ગુજરાતમાં ક્યાં આવેલી છે ?

(A) સુરત (B) વડોદરા

(C) ગાંધીનગર (D) અમદાવાદ

(9) 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું પ્રથમ સંમેલન ક્યારે અને કોના પ્રમુખ સ્થાને મળ્યું હતું ?

(A) ઈ.સ. ૧૯૦૫માં, ગોવર્ધનરામ ત્રિપાઠીના

(B) ઈ.સ. ૧૯૦૫, નર્મદના

(C) ઈ.સ. ૧૯૦૫માં, કનૈયાલાલ મુન્શીના

(D) ઉપરમાંથી એકેય નહીં

(10) 'અસાઈત સાહિત્ય સભા'ની સાથે કયા મધ્યકાલીન સાહિત્યકારનું નામ જોડાયેલું છે ?

(A) ગાંધીજી (B) હેમચંદ્રાચાર્ય

(C) નર્મદ (D) અસાઈત ઠાકોર

(11) લઘુ અક્ષરની નિશાની કઈ છે ?

(A) ∪ (B) –

(C) ∩ (D) ∨

(12) કોઈ પણ થડકારવાળા અક્ષરની પૂર્વેનો વ્યંજન કેવો ગણવામાં આવે છે ?

(A) લઘુ (◡) (B) ગુરુ (–)

(C) લઘુ (◡) ગુરુ – (D) ગુરુ–લઘુ (◡)

(13) ચંદ્રકાન્તા છંદમાં કેટલા અક્ષર છે ?

(A) ૧૭ અક્ષર (B) ૧૬ અક્ષર

(C) ૧૫ અક્ષર (D) ૧૪ અક્ષર

(14) શિખરિણી છંદમાં કેટલા અક્ષર છે ?

(A) ૧૬ અક્ષર (B) ૧૭ અક્ષર

(C) ૧૪ અક્ષર (D) ૧૫ અક્ષર

(15) શાર્દૂલવિક્રીડિત છંદમાં કેટલા અક્ષર છે ?

(A) ૧૬ અક્ષર (B) ૧૭ અક્ષર

(C) ૧૯ અક્ષર (D) ૧૮ અક્ષર

(16) છંદના કેટલા પ્રકાર છે ?

(A) ત્રણ (B) ચાર

(C) પાંચ (D) છ

(17) પિંગળશાસ્ત્ર ગ્રંથની રચના કોણે કરી ?

(A) વાલ્મીકિ (B) પિંગળ ઋષિ

(C) વ્યાસ (D) દ્રોણાચાર્ય

(18) દોહરો છંદમાં કેટલી માત્રા છે ?

(A) ૮ માત્રા (B) ૧૦ માત્રા

(C) ૨૦ માત્રા (D) ૨૪ માત્રા

(19) ઝૂલણા છંદમાં કેટલી માત્રા છે ?

(A) ૩૫ માત્રા (B) ૩૬ માત્રા

(C) ૩૭ માત્રા (D) ૩૮ માત્રા

(20) "આકાશે તારાની ભાત, ધરતી હૈયે ફૂલ બિછાત સર્જી, તો કાં સર્જી તા ! માનવના મનમાં મધરાત !" - આ પંક્તિ કયા છંદની છે ?

(A) ચોપાઈ (B) ઝૂલણા

(C) રોળા (D) હરિગીત

## વિભાગ - ૨

2 શહેરમાં થયેલી અતિવૃષ્ટિ અને વાવાઝોડા વિશેનો અહેવાલ લખો. 10

**અથવા**

2 તમારી કૉલેજ તરફથી યોજવામાં આવેલ શ્રમ શિબિરનો અહેવાલ તૈયાર કરો. 10

3 'નર્મદ સાહિત્ય સભા' સાહિત્યિક સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિ પર સવિસ્તર નોંધ લખો. 10

**અથવા**

3 'ગુજરાત વિદ્યાસભા' સાહિત્યિક સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિ વિશે વિસ્તારથી છણાવટ કરો. 10

4 નીચે આપેલ (અ)માંથી એક અને (બ)માંથી કોઈ પણ એક વિશે લખો : 8

(અ) (1) ગુજરાત સાહિત્ય અકાદમી

(2) અસાઈત સાહિત્ય સભા

(બ) (1) વસંતતિલકા છંદનું દૃષ્ટાંત આપી ગણ, સ્વરૂપ, અક્ષરોની સંખ્યા, યતિ સ્થાનની ચર્ચા કરો. 8

(2) શાર્દૂલવિક્રીડીત છંદનું દૃષ્ટાંત આપી ગણ, સ્વરૂપ, અક્ષરોની સંખ્યા યતિ સ્થાન વિશે ચર્ચો.

5 નીચેનામાંથી કોઈ પણ બે છંદનો દૃષ્ટાંત સહિત પરિચય કરાવો :

(1) ઝૂલણા

(2) રોળા

(3) દોહરો

(2) સવૈયા